'ધ હન્ડ્રેડ' ઓક્શન

# સનરાઈઝર્સે અબરાર અહેમદને ખરીદતા વિવાદ

**અબરારને** 2.34 કરોડ રૂપિયામાં ખરીદ્યા બાદ કાવ્યા મારનની સનરાઈઝર્સ લીડ્સ ફ્રેન્ચાઈઝીનું એક્સ હેન્ડલ થોડા સમય માટે સસ્પેન્ડ થયું






નવી દિલ્હી, તા. 13: લંડનમાં આયોજિત 'ધ હન્ડ્રેડ' ટુર્નામેન્ટના પ્રથમ પુરુષ અને મહિલા ખેલાડીઓના ઓક્શનમાં પાકિસ્તાની ખેલાડીઓએ પર સૌનું ધ્યાન હતું. ઓક્શન પહેલા એવી ચર્ચા હતી કે આઈપીએલ સાથે સંબંધ ધરાવતી ટીમો પાકિસ્તાની ખેલાડીઓ પર બોલી નહીં લગાવે, પરંતુ પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને કાવ્યા મારનની 'સનરાઈઝર્સ લીડ્સે' 2,41,000 ડોલરમાં (આશરે 2.34 કરોડ રૂપિયા) સાઈન કર્યો હતો. નોંધપાત્ર છે કે, IPL લિંક ધરાવતી કોઈ ટીમે પાકિસ્તાની ખેલાડી પર બોલી લગાવી હોય તેવી આ પ્રથમ ઘટના છે. આ સોદાને કારણે સોશિયલ મીડિયા પર ભારે વિવાદ સર્જાયો હતો.

લોકોએ કાવ્યા મારનની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ લીડ્સની સોશિયલ મીડિયા પર આકરી ટીકા કરી હતી. એક્સ પર લોકોએ પોતાનો રોષ ઠાલવ્યાના થોડા સમય બાદ જ સનરાઈઝર્સ લીડ્સનું 'એક્સ' (ટ્વિટર) એકાઉન્ટ થોડા સમય માટે સસ્પેન્ડ થઈ ગયું હતું. જોકે એક્સ અને કાવ્યા મારનની સનરાઈઝર્સ ફ્રેન્ચાઈઝીએ આ અંગે કોઈ નિવેદન આપ્યું નથી. સન ગ્રુપ, જે IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદની માલિકી ધરાવે છે, તેણે ગયા વર્ષે જ 'નોર્ધન સુપરચાર્જર્સ' (હવે સનરાઈઝર્સ લીડ્સ) પર સંપૂર્ણ નિયંત્રણ મેળવ્યું હતું. આ ઓક્શનમાં સીઈઓ કાવ્યા મારન પોતે હાજર રહ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં રમાતી એસએ-20 લીગમાં સનરાઈઝર્સ ઈસ્ટર્નની માલિકી પણ આ જ ગ્રુપ પાસે છે પણ તે ટીમમાં કોઈ પાકિસ્તાની ખેલાડી નથી. ઓક્શનમાં પાકિસ્તાનના કુલ 13 ખેલાડીઓ સામેલ હતા, જેમાંથી માત્ર બે ખેલાડીઓ પર બોલી લાગી હતી. અબરાર અહેમદ ઉપરાંત મિસ્ટ્રી સ્પિનર ઉસ્માન તારિકને બર્મિંગહામ ફોનિક્સ દ્વારા 1,78,000 ડોલરમાં ખરીદવામાં આવ્યો છે, જોકે આ ફ્રેન્ચાઈઝીનો ભારત સાથે કોઈ સંબંધ નથી. મહિલા ઓક્શનમાં પાકિસ્તાની ખેલાડી ફાતિમા સના અને સાદિયા ઈકબાલ અનસોલ્ડ રહી હતી. 27 વર્ષીય અબરાર અહેમદે પાકિસ્તાન માટે 38 ટી20 ઈન્ટરનેશનલ મેચોમાં 6.67ની શાનદાર ઈકોનોમી સાથે 52 વિકેટ ઝડપી છે. સમગ્ર ટી20 કરિયરની વાત કરીએ તો, તેના નામે 84 મેચમાં 109 વિકેટ છે.

## વિદેશી લીગના નિર્ણયો સાથે અમારે લેવા-દેવા નથી, આ IPL નથી: બીસીસીઆઈ

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): 'ધ હન્ડ્રેડ' ઓક્શનમાં ભારતીય માલિકીની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ લીડ્સ દ્વારા પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને સાઈન કરવા પર BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ મહત્વનું નિવેદન આપ્યું છે. શુક્લાએ સ્પષ્ટતા કરી છે કે આ એક 'વિદેશી લીગ' છે અને તેમાં લેવાયેલા નિર્ણયો બોર્ડના અધિકારક્ષેત્રની બહાર છે. તેમણે જણાવ્યું કે, 'આ બાબત અમને અસર કરતી નથી, કારણ કે આ IPL નથી. વિદેશી લીગમાં શું થાય છે તેની સાથે અમારે કોઈ લેવાદેવા નથી.' નોંધનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજદ્વારી તણાવને કારણે 2009થી IPLમાં કોઈ પાકિસ્તાની ખેલાડી રમી રહ્યો નથી.

# FIH મહિલા વર્લ્ડકપ ક્વોલિફાયર્સ: ઈટાલીને હરાવી ભારત ફાઈનલમાં

**ખિતાબી** મુકાબલામાં આજે ભારતીય ટીમનો સામનો ઈંગ્લેન્ડ સામે



હૈદરાબાદ, તા. 13 (પીટીઆઈ): ભારતીય મહિલા હોકી ટીમે શુક્રવારે રમાયેલી રોમાંચક સેમીફાઈનલમાં ઈટાલીને 1-0થી હરાવીને FIH વર્લ્ડકપ ક્વોલિફાયર્સની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. હવે રવિવારે ખિતાબી મુકાબલામાં ભારતનો સામનો ઈંગ્લેન્ડ સામે થશે. મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. પ્રથમ હાફમાં ભારતે પેનલ્ટી કોર્નર દ્વારા ગોલ કરવાની અનેક તકો ગુમાવી હતી. જોકે, 40મી મિનિટે મનીષા ચૌહાણે પેનલ્ટી કોર્નર પર શાનદાર ડ્રેગફ્લિક દ્વારા ગોલ કરીને ભારતને 1-0ની સરસાઈ અપાવી હતી, જે અંત સુધી નિર્ણાયક સાબિત થઈ હતી. ઈટાલીએ છેલ્લી મિનિટોમાં ગોલ કરવાના આક્રમક પ્રયાસો કર્યા હતા અને 59મી મિનિટે પેનલ્ટી કોર્નર પણ મેળવ્યો હતો, પરંતુ ભારતીય ગોલકીપર બિચુ દેવી ખારીબમે શાનદાર બચાવ કરીને જીત નિશ્ચિત કરી હતી. ભારત આ વર્ષે 15થી 30 ઓગસ્ટ દરમિયાન નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં યોજાનારા વર્લ્ડકપ માટે પહેલાથી જ ક્વોલિફાય થઈ ચૂક્યું છે. અન્ય સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડે સ્કોટલેન્ડને 2-0થી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી છે.

# ટી-20 બાદ હવે વનડે વર્લ્ડકપ પર નજર

**બીસીસીઆઈ** રોહિત-કોહલીને વધુમાં વધુ વનડે રમાડવા માગે છે

**ભારતીય** ટીમ માટે વધુ વનડેનું શેડ્યુલ બનાવાઈ રહ્યું છે





નવી દિલ્હી, તા. 13: BCCI હવે 2027ના વનડે વર્લ્ડ કપના મિશનમાં લાગી ગયું છે. ટી20 વર્લ્ડકપ 2026 અને ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઐતિહાસિક સફળતા બાદ, ભારતીય બોર્ડનું હવે પછીનું લક્ષ્ય 2011 પછીના વનડે વર્લ્ડકપના દુષ્કાળને ખતમ કરવાનું છે. આ માટે ખાસ 'માસ્ટરપ્લાન' તૈયાર કરવામાં આવ્યો છે.

આ યોજના મુજબ, મે મહિનામાં આઈપીએલ 2026 પૂર્ણ થતાની સાથે જ ટીમ ઈન્ડિયા વનડે મોડમાં આવી જશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા વરિષ્ઠ ખેલાડીઓ હવે માત્ર વનડે ફોર્મેટમાં જ રમે છે. બીસીસીઆઈનું માનવું છે કે આ બે દિગ્ગજો જેટલી વધુ વનડે મેચ રમશે 2027ના વર્લ્ડકપ માટે ટીમનું સંતુલન એટલું જ સારું રહેશે. તેમને પૂરતી પ્રેક્ટિસ મળી રહે તે માટે આગામી સમયમાં વધુ વનડે મેચો રમવાનું આયોજન છે. આઈપીએલ બાદ ભારત અફઘાનિસ્તાન સામે 1 ટેસ્ટ અને 3 વનડે મેચની યજમાની કરશે. ત્યારબાદ ઈંગ્લેન્ડના પ્રવાસમાં 3 વનડે અને 5 ટી20 મેચ રમાશે.

આ સિવાય આયર્લેન્ડ, શ્રીલંકા, વેસ્ટ ઈન્ડિઝ અને ન્યૂઝીલેન્ડ સામે પણ શ્રેણીઓ યોજવા અંગે વાતચીત ચાલી રહી છે. ન્યૂઝીલેન્ડે તો પોતાના પ્રવાસમાં વધારાની વનડે મેચો ઉમેરવાનો પ્રસ્તાવ પણ આપ્યો છે. બોર્ડનું માનવું છે કે 2023ના ફાઈનલની હારનો બદલો 2027માં લેવા માટે અત્યારથી જ વનડે ફોર્મેટ પર ધ્યાન કેન્દ્રિત કરવું અનિવાર્ય છે.




